

# પ્રકરણ ૧
# રોજ નિશાળે જઈએ...

M6G4K5



તમે રોજ શાળા (school-સ્કૂલ)માં આવો છો. બધાં જુદી જુદી રીતે શાળાએ આવે છે. કોઈ ચાલીને, કોઈ રિક્ષામાં, કોઈ સાઈકલ પર તો કોઈ સ્કૂટર પર. આમ, જુદી જુદી રીતે શાળામાં આવવાનું થાય છે. પરંતુ આવું બધે હોતું નથી. ઘણી જગ્યાએ શાળામાં જવું ઘણું પડકારરૂપ હોય છે.

ચાલો, આપણે થોડાં બાળકોને મળીએ અને જોઈએ તેઓ કેવી રીતે શાળામાં પહોંચે છે.



અમે અમદાવાદ શહેરમાં રહીએ છીએ. ઘરથી શાળા ઘણી દૂર છે એટલે સરળતાથી શાળામાં જઈ શકતાં નથી. શાળામાં જવા-આવવા રિક્ષાનો ઉપયોગ કરીએ છીએ.

- તમે શાળામાં કેવી રીતે જાઓ છો ?

---

## સિમેન્ટનો પુલ (Bridge - બ્રિજ)

અમે નદીની પેલે પાર રહીએ છીએ. નદી ઉપર પુલ બનાવવામાં આવ્યો છે. તે પુલ પરથી અમે શાળામાં જઈએ છીએ. આ પુલ સિમેન્ટ, ઈંટો અને લોખંડના સળિયાથી બનેલો છે. પુલને પગથિયાં પણ હોય છે.



તમારા ગામ કે શહેર નજીક પુલ છે ? પુલ વિશે વધારે જાણકારી મેળવો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- પુલ ક્યાં છે – નદી ઉપર, રોડ ઉપર, બે ડુંગર વચ્ચે કે બીજે ક્યાંય ?

- પુલનો ઉપયોગ કોણ કરે છે ? લોકો, પ્રાણીઓ કે વાહનો ?

- આ પુલ બનાવવા કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ થયો છે ? તેની યાદી બનાવો.

- તમારી નોટબુકમાં પુલનું ચિત્ર બનાવો. પુલ પરથી પસાર થતાં આગગાડી, વાહનો, પ્રાણીઓ અને લોકો દોરવાનું ભૂલતા નહિ.
- જો પુલ ન હોત તો કેવી મુશ્કેલી પડે તે કહો.

ચાલો, બીજા રસ્તાઓ શોધી કાઢીએ જેના દ્વારા બાળકો શાળાએ જાય છે.

### બેટ દ્વારકા

ગુજરાતના કેટલાક વિસ્તારો પાણીમાં હોવાથી હોડીનો ઉપયોગ થાય છે. અમે આવા વિસ્તારમાં રહીએ છીએ. શાળાએ જવા હોડીનો ઉપયોગ કરીએ છીએ. બેટ દ્વારકા પણ આવો જ એક વિસ્તાર છે.



- શું તમે હોડીમાં બેઠાં છો ? કેવો અનુભવ થયો હતો ?

- શું તમે બીજી કોઈ રીત વિચારી શકો છો, જેના દ્વારા આપણે પાણી પર મુસાફરી કરી શકીએ ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ઊંટગાડી (Camel-cart-કૅમલ કાર્ટ)



અમે રણ (desert-ડેઝર્ટ)માં રહીએ છીએ. બધી બાજુ રેતી જ રેતી. રેતી દિવસે ખૂબ ગરમ થાય. અમે શાળાએ જવા ઊંટગાડીમાં સવારી કરીએ છીએ.

## બળદગાડું (Bullock-cart-બુલૉક કાર્ટ)

અમે ગામડામાં રહીએ છીએ. અમારા બળદગાડામાં બેસીને, લીલાંછમ ખેતરો વચ્ચેથી ધીમે ધીમે શાળાએ જઈએ છીએ. જો ખૂબ તડકો અથવા વરસાદ હોય તો છત્રીનો ઉપયોગ કરીએ છીએ.



- તમે જ્યાં રહો છો ત્યાં ઊંટગાડી કે બળદગાડું છે ? તેનું ચિત્ર તમારી નોટબુકમાં દોરો.



## સાઈકલ-સવારી
### (Bicycle-ride -બાઈસિકલ-રાઈડ)

અમારી શાળા દૂર છે. પહેલાં છોકરીઓ શાળાએ જતી ન હતી. પરંતુ હવે બધી છોકરીઓ શાળાએ સાઈકલ લઈ સરળતાથી જાય છે.

**શિક્ષક માટે :** જ્યારે પ્રાણીઓ પાસે ગાડું ખેંચાવીએ ત્યારે તેઓ કેવું અનુભવતા હશે ? પ્રાણીઓ પ્રત્યે સંવેદનશીલતા જગાડવા આ મુદ્દાની ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમે સાઇકલ ચલાવી શકો છો ? જો હા, તો તમને કોણે શીખવી ?

_______________

- તમારી શાળામાં કેટલાં બાળકો સાઇકલ લઈને આવે છે ? _______________

**મારી શાળા - મારી ગાડી**

અમે શાળાથી દૂર રહીએ છીએ. અમારાં માટે શાળાએ વાહનની સગવડ કરી છે. જેમાં અમે નિયમિત શાળાએ જઈએ છીએ.




- તમારી શાળા તમારા ઘરથી દૂર છે કે નજીક ? _______________
- તમારી શાળામાં આવી સુવિધા છે ? જો હા, તો કયા વાહનમાં તમે આવો છો ?

_______________

**ચાલો, આપણે ગીત ગાઈએ.**

લીલી પીળી બસ ચાલી જાય, ચાલી જાય, ચાલી જાય...
એક ટકોરે અટકે એ તો બે એ ઊપડી જાય, ઊપડી જાય, ઊપડી જાય...

કાળા ડામરના રસ્તા, આવે છે સામા ધસતા,
નદીઓ નીચેથી સરકી જાય, સરકી જાય, સરકી જાય...
લીલી પીળી બસ...

રસ્તામાં આવે ફાટક, ગાડી ચાલે ખટાખટ,
મોટરનું ભોપુ પીપ-પીપ થાય, પીપ-પીપ થાય, પીપ-પીપ થાય...
લીલી પીળી બસ...

બારી પાસે હું બેસું, જોતો હું ગાયો ભેંસુ,
ઊંટની વણજાર ચાલી જાય, ચાલી જાય, ચાલી જાય...
લીલી પીળી બસ...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તમે કોઈ એવી જગ્યા વિચારી શકો છો, જ્યાં આમાંનાં કોઈ પણ વાહનો ન પહોંચી શકે ? શું આવી જગ્યાઓ છે ?

F3P6E9



## બાળકો જંગલ પાર કરે છે.

અમે ગીરના જંગલમાં રહીએ છીએ. અમારે શાળામાં જવા ગાઢ જંગલમાંથી પસાર થવું પડે છે. જંગલમાં એટલી શાંતિ હોય છે કે આજુબાજુથી આવતાં વિવિધ પશુ-પક્ષીઓના અવાજ સાંભળી શકાય છે. અમે રોજ જંગલમાંથી પસાર થઈ શાળામાં જઈએ છીએ.

- તમે કયાં કયાં પશુ-પક્ષીઓને અવાજથી ઓળખી શકો છો ?

- જંગલમાંથી પસાર થતાં શી-શી કાળજી રાખશો ?

## પથરાળ રસ્તો (Rocky path-રૉકી પાથ)

અમે ડુંગરની ટેકરીઓ પર રહીએ છીએ. રસ્તાઓ પથરાળ અને આડા-અવળા છે. બીજા માટે આ રસ્તાઓ મુશ્કેલભર્યા લાગે. પરંતુ અમે સરળતાથી ઉપર-નીચે જઈ શકીએ છીએ. શાળાએ જવા માટે આવા રસ્તાનો ઉપયોગ કરીએ છીએ.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



મારું નામ નિધિ છે. હું ચોથા ધોરણમાં ભણું છું. હું બીજાં બાળકોની જેમ સરળતાથી બધાં કામ કરી શકતી નથી. મારા પગ જન્મથી જ કામ કરતાં નથી. પહેલાં શાળામાં જવાની ખૂબ તકલીફ પડતી હતી. મમ્મી મને ઊંચકીને શાળાએ મૂકવા આવતાં હતાં. પરંતુ હવે હું જાતે જ શાળામાં આવું છું. મને પૈડાંવાળી ખુરશી (વ્હીલચેર) આપવામાં આવી છે, જેના દ્વારા હું નિયમિત શાળાએ જાઉં છું.

- જે લોકોને શારીરિક ખામી છે તેમને કેવી તકલીફ પડતી હશે ?

J4F6V2

| ખામી (Disability-ડિસબિલિટિ) | પડતી મુશ્કેલી (Difficulty-ડિફિકલ્ટી) |
|---|---|
| અપંગ (Handicapped-હેન્ડિકેપ્ડ) | |
| અંધ (Blind-બ્લાઇન્ડ) | |
| મૂકબધિર (Deaf & Dumb-ડેફ એન્ડ ડમ્બ) | |

- **પ્રવૃત્તિ કરો :**
  - આંખે પાટા બાંધી મેદાનમાં ફરો. શું અનુભવ થયો તે કહો.
  - આવી બીજી પ્રવૃત્તિ શિક્ષક પાસેથી જાણો અને અનુભવ કરો.

ગુજરાત સિવાય અન્ય રાજ્યોમાં એવા પણ રસ્તાઓ છે જે આપણે ત્યાં નથી. ચાલો જોઈએ, ત્યાં બાળકો કેવી રીતે શાળાએ જાય છે.



### ઉડન-ખટોલા (Ropeway-રોપ-વે)

તમે પાવાગઢ અથવા અંબાજી ગયા છો ? ત્યાં તળેટીમાંથી ટોચ પર આવેલા મંદિર સુધી જવા માટે 'ઉડન-ખટોલા' છે. ઉડન-ખટોલા એટલે જેમાં મજબૂત તારનું દોરડું હોય અને તેમાં લટકાવેલી ટ્રૉલી (trolley)માં બેસીને ઉપર કે નીચે જવાય છે. આ અંગેની વધુ માહિતી તમારા શિક્ષક પાસેથી મેળવો.

કેટલાંક રાજ્યોમાં નદી અથવા ખીણ (valley-વૅલી)ની સામેની બાજુ જવા આ પ્રકારના માર્ગનો ઉપયોગ થાય છે. શાળાએ જતાં બાળકો પણ તેનો ઉપયોગ કરે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આ સિવાય કેટલાંક રાજ્યોમાં વરસાદ ખૂબ પડવાથી રસ્તાઓ પાણીથી ભરાઈ જાય છે. તેથી આ બાજુથી પેલી બાજુ જવા માટે વાંસ (bamboo-બામ્બૂ)માંથી પુલ બનાવાય છે. તો કેટલીક જગ્યાએ લાકડાનાં પાટિયાં કે દોરડાનો પુલ બનાવી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

રસ્તામાં ગાઢ જંગલ, ખેતરો, નદીઓ, ડુંગરો કે રણ હોય કોઈ ફરક પડતો નથી. ગમે તેવાં સંકટોને પાર કરીને અમે તો શાળાએ નિયમિત પહોંચીશું જ.

- શું તમે તમારી શાળાના રસ્તે કોઈ મુશ્કેલી અનુભવી છે ?

## ચાલો, જુદી જુદી પરિસ્થિતિમાં ચાલતાં શીખીએ :

**તમારા મિત્રો સાથે ખુલ્લા મેદાનમાં જાવ અને નીચેની પરિસ્થિતિમાં ચાલવાનો અભિનય કરો.**

- મેદાન સીધું, નરમ અને સુંવાળું છે.
- મેદાન કાંટાઓથી છવાયેલું છે.
- રસ્તો પથરાળ અને આડો-અવળો છે.
- રેતીનું રણ છે અને રેતી ગરમ છે.
- શું દરેક વખતે ચાલવામાં કોઈ તફાવત પડે છે ? ચર્ચા કરો.

◆ આ એકમમાં બાળકો કેવાં વાહનો અને રસ્તાઓનો ઉપયોગ કરીને શાળાએ જાય છે, તે લખો.

| | |
|---|---|
| | |
| | |
| | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in